**સમય સંદેશ**

જાહેરાત, પ્રેસનોટ, ટચૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

આકાશ ગંગા એપાર્ટમેન્ટ, ભંગાર બજાર રોડ, જામનગર.

મો.૮૮૬૬૦૬૬૦૬૦

ઉપરાંત..

અમારા માન્ય ડિસ્ટ્રીબ્યુટરનો પણ સંપર્ક કરી શકો છો..

**આશાપુરા ન્યૂઝ એજન્સી**

કે.પી. જાડેજા હવાઈચોક, જામનગર

મો.૯૩૨૮૧૦૪૧૮૨



સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સવારનું દૈનિક અખબાર


## આજનો સુવિચાર

આપ કોઈ માટે ખુલ્લી કિતાબ ના બનો, ટાઈમ પાસ નો સમય ચાલી રહ્યો છે... વંચાઈ જાય તે ફેકાઈ જાય છે!


વર્ષઃ ૮ ● અંકઃ ૩૫૪ ● તારીખઃ ૩૧.૧૦.૨૦૨૩, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૪.૦૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060




### સિટી 'એ' ડિવિઝન દ્વારા નાઈટ ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ

વાંચો પાના નં. 02



### અંબાજી ખાતે વડાપ્રધાનના આગમન પૂર્વે અંબાજી મંદિરના ચાચર ચોકમાં ૯૦૦ દીવડાની મહાઆરતી યોજાઈ

વાંચો પાના નં. 03




### શહેરમાં રખડતાં ઢોર અને દબાણ અંગે એક્શન પ્લાન

વાંચો પાના નં. 04

# પ્રધાનમંત્રી ગુજરાતમાંઃ મહેસાણાના ખેરાલુંમાં મોદીના હસ્તે ૫૯૫૦ કરોડની પરિયોજનાઓનો શુભારંભ

## તમે તમારા નરેન્દ્રભાઈને જાણો છો હું જે પણ નક્કી કરુંછું, તે ચોક્કસપણે કરુંછું

## પરિજન કહીને શરૂઆત કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહેસાણા રેલીમાં ઉપસ્થિત લોકોને તેમના પરિવારના સભ્યો તરીકે સંબોધ્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે વિશ્વભરમાંથી ડેલિગેશન અહીં દૂધની ડેરીઓ જોવા આવે છે. પીએમ મોદીએ કહ્યું કે હોસ્પિટલો પ્રાણીઓની સુરક્ષા માટે બનાવવામાં આવી છે. પીએમ મોદીએ કહ્યું કે કોવિડના સમયમાં તમારા પુત્રએ મફત રસી આપીને માત્ર તમારો જીવ જ નહીં પરંતુ પ્રાણીઓનો જીવ પણ બચાવ્યો છે.









વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાતના પ્રવાસે આવ્યા છે. સોમવારેસૌથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંબાજીમાં દર્શને પહોંચ્યા છે. મહત્વનું છે કે, આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાતમાં રૂ.૫૯૫૦ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મહેસાણા જિલ્લાના ડભોડા ગામમાં યોજવામાં આવ્યું હતું જયાં વિવિધ પ્રકલ્પોમાં ભારતીય રેલવે, ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન, જળ સંસાધન વિભાગ, પાણી પુરવઠા વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તેમજ શહેરી વિકાસ વિભાગના વિકાસકાર્યો સામેલ છે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ, કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ સહિત રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ હોદ્દેદારો અને આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત પ્રવાસ દરમિયાન મહેસાણામાં જાહેર સભાને સંબોધતા કહ્યું હતું કે આજે સમગ્ર વિશ્વમાં ભારતના વિકાસની ચર્ચા થઈ રહી છે. પીએમ મોદીએ કહ્યું કે ભારત ચંદ્ર પર પહોંચી ગયું છે. આખી દુનિયામાં તેની ચર્ચા થઈ રહી છે. પીએમે કહ્યું કે તેઓ ભલે ક્રિકેટના ટી૨૦ વિશે જાણતા ન હોય, પરંતુ તેઓ જી૨૦ વિશે જાણે છે. પીએમ મોદી દ્વારા આજે જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવી રહ્યું છે. આવું પહેલા ક્યારેય બન્યું નથી. કોંગ્રેસનું નામ લીધા વિના પીએમએ કહ્યું કે તમે સરકાર

અનુ પાના નં.૨ પર

## હું ઝડપી ગતિએ કામ કરવાનું ચાલુ રાખીશ

તેમના ગૃહ જિલ્લાની મુલાકાત દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને વચન આપ્યું હતું કે તેઓ આગામી દિવસોમાં ઝડપી ગતિએ કામ કરવાનું ચાલુ રાખશે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે માતા અંબાના આશીર્વાદ આપણા બધા પર રહે છે. આ પ્રાર્થના છે. હું આજે અહીં આવ્યો છું. તેથી હું તમારા બધાનું ઋણ સ્વીકારુંછું. ૨૦ વર્ષ પહેલાનો સમય યાદ રાખો જ્યારે મુશ્કેલ સમય હતો, પરંતુ તમે તમારા નરેન્દ્રભાઈને જાણો છો. હું જે પણ નક્કી કરુંછું, તે ચોક્કસપણે કરુંછું.

## માતાના ચરણોમાં શિશ ઝુકાવતા નરેન્દ્ર મોદી



સૌથી પહેલા વડાપ્રધાન અંબાજીમાં દર્શને પહોંચ્યા હતા. અંબાજીમાં પ્રધાનમંત્રીના સ્વાગત માટે તડામાર તૈયારી કરવામાં આવી હતી. અંબાજી મંદિરમાં પ્રધાનમંત્રીનું સ્વાગત આદિવાસી પરંપરા પ્રમાણે કરવામાં આવ્યું છે. આદિવાસી લોકોના પરંપરાગત નૃત્ય અને ભજન દ્વારા પ્રધાનમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદીના સ્વાગતમાં દાંતાના મંડાલી અને સનાલી લોકો ભાગ લીધો હતો. અંબાજી મંદિરના ચાચર ચોકમાં તેમનું સ્વાગત કરાયું હતું. બાદમાં તેઓ મા અંબાજીના મંદિરે પહોંચ્યા હતા જયાં તેઓએ પૂજા-અર્ચના કરી માતાજી સમક્ષ શિશ ઝુકાવ્યું હતું.

# એસઆરપી જવાનો ભરેલી બસ પલટીઃ ૩૦થી વધુ જવાનો ઘાયલ





હાલોલ નજીક પાવાગઢની તળેટીમાં ફાયરિંગ માટે આવેલી દાહોદ જિલ્લાના પાવડી એસઆરપી ગ્રુપના જવાનોની એક બસ પલટી ખાઈ જતાં ૩૦થી વધુ જઙ્ક જવાનો ઈજાગ્રત થયા છે. તમામ જવાનોને હાલોલ રેફરલ હોસ્પિટલ સારવાર માટે લાવવામાં આવ્યા છે, જે પૈકી ૦૪ જવાનને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી વધુ સારવાર માટે વડોદરા રિફર કરાયા છે.

હાલોલ નજીક પાવાગઢની તળેટીમાં ડુંગરાળ વિસ્તારમાં ફાયરિંગની તાલીમ માટે આવેલા દાહોદ જિલ્લાના પાવડી એસઆરપી ગ્રુપના ૧૫૦ જવાન આજે ત્રણ દિવસની તાલીમ પૂરી કરી પરત ફરી રહ્યા હતા. ત્યારે ફાયરિંગ બટના ડુંગરાળ અને કાચા માર્ગ ઉપરથી બહાર નીકળતા સમયે ગ્રુપના જવાનોની એક બસ ઢાળ ઊતરતાંબ્રેકફેઈલ થઈગઈહતી.

અનુ પાના નં.૨ પર

## ફાયરિંગની તાલીમ પૂરી કરી પરત ફરી રહેલી બસની બ્રેક ફેઈલ થતાં હાલોલ નજીક કોતરમાં ઊતરી ગઈ

# દારુ કૌભાંડમાં મનિષ સિસોદીયાને સુપ્રીમમાંથી ન મળ્યા જામીન

દારુ કૌભાંડમાં જેલમાં બંધ દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનિષ સિસોદીયાને સુપ્રીમના જામીનમાં ૩૩૮ કરોડ રકમનો મુદ્દો નડી ગયો તેને કારણે તેમને જામીન ન મળી શક્યાં.

નવી દિલ્હીઃ દિલ્હીના દારુ કૌભાંડમાં ફેબ્રુઆરીથી તિહાડ જેલમાં બંધ દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનિષ સિસોદીયાને સુપ્રીમ કોર્ટમાંથી પણ આજે જામીન નથી મળ્યાં છે. જ્યારથી ધરપકડ થઈ ત્યાર પછી તેમણે અનેક વાર જામીન અરજી કરી છે પરંતુ એક પણ વાર તેમની અરજી ધ્યાનમાં નથી લેવામાં આવી આથી જામીનની આશાએ તેમણે સુપ્રીમનો સંપર્ક સાધ્યો અને ત્યાંથી પણ તેમને નિરાશા જ હાથ લાગી.



આ કેસમાં સુપ્રીમ કોર્ટે સિસોદીયાની જામીન અરજી ફગાવતાં એક ખાસ કારણ આપ્યું છે. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ એસ વી એન ભટ્ટીની બેન્ચે પોતાના આદેશમાં કહ્યું કે, ''અમે કેટલાક એવા પાસા જોયા છે જે શંકાસ્પદ છે. પરંતુ હાલ ૩૩૮ કરોડનું ટ્રાન્સફર પ્રસ્થાપિત થયું હોય તેવું લાગી રહ્યું છે. આથી અમે જામીન અરજી ફગાવી દીધી છે. ૩૩૮ કરોડનું કારણ જ સિસોદીયાને નડી ગયું અને તેથી તેમને જામીન આપવાનો સુપ્રીમે ઈન્કાર કર્યો હતો.

મનીષ સિસોદિયાની જામીન અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ એસવીએન ભટ્ટીની બેન્ચે સોમવારે આ ચુકાદો સંભળાવ્યો હતો. સ્પેશિયલ કોર્ટ અને હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધા બાદ સિસોદિયાએ સર્વોચ્ચ અદાલતનો સંપર્ક સાધ્યો હતો.

## કતારમાં મૃત્યુદંડની સજા પામેલા ૮ ભારતીયોના પરિવાર સાથે એસ. જયશંકરે કરી મુલાકાત

વિદેશ મંત્રી એસ. જયશંકરે આજે કતારમાં મૃત્યુદંડ પર મુકાયેલા ભારતીય નૌકાદળના આઠ ભૂતપૂર્વ જવાનોના પરિવારજનોને મળ્યા હતા. જયશંકરે કહ્યું કે ભારત ''તેમની મુક્તિ સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરવાનું ચાલુ રાખશે.''

કતારની અદાલતે આઠ ભૂતપૂર્વ ભારતીય નૌકાદળના કર્મચારીઓને મૃત્યુદંડની સજા ફટકાર્યાના એક દિવસ પછી, ભારત ચુકાદા સામે અપીલ સહિત વિવિધ વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે, સૂત્રો કહે છે. એવું જાણવા મળે છે કે કતાર કોર્ટના નિર્ણયની કોપી ભારતને હજુ સુધી મળી નથી. કોર્ટના નિર્ણય પર કતાર તરફથી કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

એસ. જયશંકરે સોશિયલ મીડિયા પર કહ્યું, ''આજે સવારે કતારમાં અટકાયતમાં લેવાયેલા ૮ ભારતીયોના પરિવારજનોને મળ્યા. ભારપૂર્વક જણાવ્યું કે સરકાર આ કેસને ખૂબ જ મહત્વ આપે છે. જયશંકરે

અનુ પાના નં.૨ પર

# દિલ્હીમાં ડિઝલ બસોની એન્ટ્રી પર ૧ નવે.થી પ્રતિબંધ

## પર્યાવરણ મંત્રીએ પ્રદૂષણ વધવા પાછળ ૩ રાજ્યોને ઠેરવ્યા જવાબદાર

દિલ્હીમાં રોજબરોજ પ્રદૂષણ વધી રહ્યું છે, ઉપરાંત દિવાળી નજીક આવતા હવા વધુ ખરાબ થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે, તો દિલ્હીના એર ક્વોલિટી પણ ખુબ જ ખરાબ કેટેગરીમાં છે, ત્યારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સરકારે દિલ્હીમાં દિવાળી પહેલા પ્રદૂષણ પર કાબુ મેળવવા મોટો નિર્ણય લીધો છે, ઉપરાંત ત્રણ રાજ્યોના કારણે દિલ્હીમાં પ્રદૂષણ વધ્યું હોવાનું કારણ પણ જણાવ્યું છે.

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સરકારના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે દિલ્હી સહિત અન્ય રાજ્યોથી આવતી ડિઝલ બસો પર પહેલી નવેમ્બરથી પ્રતિબંધ મુકી દીધો છે. ઉપરાંત ગોપાલ રાયે ડિઝલ બસો અન્ય રૂટ પરથી લઈ જવાની પણ અન્ય રાજ્યોને સલાહ આપી છે. ઉલ્લેખનિય છે કે, ગોપાલ રાયે અગાઉ કેન્દ્ર સરકારે અપીલ કરી હતી કે, તેઓ ગઈછ હેઠળના વિસ્તારો હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનની BS III અને BS IV બસો પર પ્રતિબંધ ફરમાવે.

ગોપાલ રાયે તાજેતરમાં જ કહ્યું હતું કે, વાહનોના કારણે પ્રદૂષણ વધી રહ્યું છે. દિલ્હીમાં હાલ ઈગત્રૃ બસો દોડાવાઈ રહી છે. દિલ્હીમાં ૮૦૦થી વધુ ઈલેક્ટ્રીક બસો દોડાવાઈ રહી છે. જોકે ઉત્તરપ્રદેશ , હરિયાણા અને

અનુ પાના નં.૨ પર

## રાજકીય પાર્ટીઓના ફંડના સોર્સને લઈને કેન્દ્રનું કડક વલણ

રાજકીય પાર્ટીઓના ફંડના સોર્સને લઈને કેન્દ્રનું કડક વલણ સામે આવ્યું છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને તેની જાણ કરી દીધી છે. કેન્દ્રના વકીલ એવા એટર્ની જનરલ આર.વેંકટરામનીએ સોમવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે રાજકીય પાર્ટીઓના ફંડનો સોર્સ જાણવાનો લોકોને અધિકાર નથી. તેમણે કહ્યું કે ચૂંટણી બોન્ડ યોજના હેઠળ મળેલા ભંડોળના સ્ત્રોત વિશે જણાવવું યોગ્ય રહેશે નહીં. બંધારણની કલમ ૧૯(૧)(એ) હેઠળ લોકોને આ અંગે માહિતી મેળવવાનો અધિકાર નથી. સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી પોતાની અરજીમાં વેંકટરામાણીએ કહ્યું હતું કે જ્યાં સુધી વાજબી પ્રતિબંધની સ્થિતિ ન હોય ત્યાં સુધી ''કંઈપણ અને દરેક વસ્તુ'' વિશે જાણવાનો અધિકાર ન હોઈ શકે.

એટોર્ની જનરલે સુપ્રીમ કોર્ટને કહ્યું, ''જે યોજના વિશે વાત કરવામાં આવી રહી છે તે ફાળો આપનારને પ્રાઈવેસીનો લાભ આપે છે. તે સુનિશ્ચિત કરે છે અને પ્રોત્સાહિત કરે છે કે ત્યાં જે પણ યોગદાન છે, તે કાળું નાણું નથી. તે કરની જવાબદારીઓનું પાલન સુનિશ્ચિત કરે છે. આ રીતે, તે કોઈપણ વર્તમાન સત્તાનો સંઘર્ષ પેદા કરતું નથી.

સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચ પક્ષો માટે રાજકીય ભંડોળ માટે ચૂંટણી બોન્ડ યોજનાની માન્યતાને પડકારતી અરજીઓની બેચ પર ૩૧ ઓક્ટોબરથી સુનાવણી શરૂ કરવાની છે જેમાં કોંગ્રેસ નેતા જયા ઠાકુર અને સીપીઆઈ (એમ) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓનો પણ સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૮ ની ચૂંટણી બોન્ડ યોજના પર વચગાળાનો સ્ટે

અનુ પાના નં.૨ પર

### લોકોને ફંડના સોર્સ જાણવાનો અધિકાર નથી, સુપ્રીમ કોર્ટને કરી દીધી જાણ : ૩૧ ઓક્ટોબરથી સુપ્રીમમાં સુનાવણી

## બજાર દોડ્યું.. રોકાણકારોને ૫ લાખ કરોડનો ફાયદો

શેર બજારનો જાણે દિવાળી દેખાઈ હોય તેમ આવકારદાય તેજી જોવા મળી રહી છે. જે તેજી આજે બીજા દિવસે પણ યથાવત રહેવા પામી હતી. શેરબજારમાં આજે સોમવારે સતત બીજા દિવસે ઉછાળો જોવા મળતા રોકાણકારોને જલસા પડી ગયા હતા. બજારમાં નીચલા સ્તરેથી મજબૂત રિકવરીને કારણે મુખ્ય સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા છે. વાત કરવામાં આવે ઈજીઊ સેન્સેક્સની તો તેમાં ૩૩૦ પોઈન્ટનો જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. જેને લઈને ઈજીઊ સેન્સેક્સ ૬૪,૧૧૨ પર બંધ રહ્યો હતો. બીજી તરફ નિફ્ટીમાં પણ ૯૩ પોઈન્ટનો વધારો નોંધાયો હતો. જેને લઈને નિફ્ટી ૧૯,૧૪૦ પર સ્થિર થયો હતો. એક્સચેન્જના ડેટા અનુસાર વાત કરવામાં આવે તો રોકાણકારોએ ૨ દિવસમાં લગભગ ૫.૫ લાખ કરોડ રૂપિયાનો તાગડો નફો મળ્યો છે. કારણ કે BSE પર

અનુ પાના નં.૨ પર

## ગાઝાની બહાર સૈનિકો અને હમાસના ફાઈટરો વચ્ચે અથડામણ

ગાઝાઃ ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો આજે ૨૪મો દિવસ છે. આ દરમિયાન ઈઝરાયલી સૈન્ય ટેન્ક સાથે ગાઝા શહેરમાં ઘૂસ્યા હોવાના સમાચાર મળ્યા હતા. અલ જઝીરા અનુસાર, ગાઝા શહેરની બહાર હમાસના લડવૈયાઓ સૈનિકો સાથે અથડામણ કરી હતી, જે બાદ હવે ઈઝરાયેલની સેના અહીંથી હટી રહી છે. ગાઝા શહેરમાં ઉત્તર ગાઝાથી દક્ષિણ ગાઝાને જોડતો મુખ્ય માર્ગ છે. તેને બંધ કરવાના સમાચાર પણ છે. લોકોને ઘરમાં જ રહેવાની સલાહ આપવામાં આવી છે. હોલ કોમ્યુનિકેશન બંધ છે. અહીં યુદ્ધમાં ૯૭૦૦થી વધુ લોકોના મોત થયા છે.

# સિટી 'એ' ડિવિઝન દ્વારા નાઈટ ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ



તસવીરઃ જીતુ સોલંકી

જામનગર શહેરમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકો અને પાન ના ગલ્લે બેસીને, તેમજ ચા ની દુકાને બેસીને કારણ વગરના ગપાટા મારતા શખ્સોને કાયદાના પાઠ ભણાવવા માટે જામનગરના સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં નાઈટ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ ના માર્ગદર્શન હેઠળ સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પી.આઇ. એન.એ.ચાવડા ની સુચના થી સર્વેલન્સ ટીમ દ્વારા શહેરના પાંચ હાટડી વિસ્તાર, પટણીવાડ વિસ્તાર, કાલાવડ નાકા બહારનો વિસ્તાર, સુમરા ચાલી વિસ્તાર, હવાઈ ચોક, પવનચક્કી વિસ્તાર, સાધના કોલોની વિસ્તાર સહિત અનેક વિસ્તારમાં નાઈટ ટ્રાફિક ડ્રાઈવ સાથે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

સિટી-એ ડિવિઝન પોલીસ દ્વારા ખાસ આ નાઈટ ટ્રાફિક ડ્રાઈવ ચલાવી વાહન ચાલકો ના લાઈસન્સ, ફોર-વીલોમાં બ્લેક કાચ હટાવવા, બાઈક મા ત્રીપલ સવારી, ધૂમ સ્ટાઈલ થી બાઈક ચલાવવી રોમિયોગીરી કરતા વાહનચાલકો, મોડી રાત્રિ સુધી ચા-પાન ના ગલ્લે બેસીને ગપ્પા મારતા શખ્સો અને ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાઓ સામે દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જામનગર સિટી-એ. ડિવિઝન પોલીસની આકરી કાર્યવાહીને પગલે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

# જામનગર શહેરમાં મૉબાઈલ ચોરી અંગે વધુ ચાર ફરિયાદ નોંધાઈ

જામનગર પવનચક્કી ચંદ્રપ્રભુ એપાર્ટમેન્ટમાં રહેતા પ્રદિપકુમાર વિનાયક પંડયા (ઉ.વ.૩૭) ગત તા. ૨૮ના રોજ ખરીદી કરવા ગયા હતા, ગ્રેઈન માર્કેટ પાસે પહોચતા પર્સમાં રાખેલો મોબાઈલ કોઈ ચોરી કરી ગયાનું ધ્યાન પર આવ્યો હતો, જે અંગે તેમણે સીટી-બીમાં ફરીયાદ કરી છે, જયારે માધવ ટાઉનશીપ દરેડ ખાતે રહેતા વિપુલ ગરીબદાસ મેસવાણીયાનો મોબાઈલ ફોન ગત તા. ૨૪ના રાત્રીના પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતેથી કોઈ અજાણ્યો શખ્સ ભીડનો લાભ લઈને શેરવી ગયો હતો.

આ ઉપરાંત જોગવડ રામદુતનગરમાં રહેતા ગોપાલ ભંગડા અમલીયાર નામના યુવાન કરીયાણાની દુકાને ખરીદી કરવા ગયા હતા, દરમ્યાન તેમના પેન્ટના ખિસ્સામાંથી કોઈ અજાણ્યો શખ્સ આઠ હજારની કિંમતનો મોબાઈલ લઈ ગયો હતો, જયારે હાલ રાજનગરમાં રહેતા અરૂણકુમાર કાળુભાઈ પરમારનો મોબાઈલ ગત તા. ૨૭ના ખોડીયાર કોલોની બેન્કમાં ટેબલની બહારના ભાગે રાખ્યો હતો ત્યાથી કોઈ ઉઠાંતરી કરી ગયુ હતું આ ફરીયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

# જામનગરમાંથી ૮ સાયકલ સાથે એકની અટક

જામનગરના પ્રદર્શન મેદાનમાંથી પોલીસે ૮ નંગ ચોરાઉ મનાતી સાઈકલ સાથે ઝડપી લીધો છે. સસ્તા ભાવે સાઈકલો વેંચવા માટે આવ્યો હોવાની શંકાના આધારે પોલીસે ઝડપી લીધો હતો.

જામનગરના સીટી એ. ડિવિઝનના પીઆઈ એન. એ. ચાવડા, પીએ સઆઈ બી.એસ. વાળાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશનના સ્ટાફના રાજેન્દ્રસિંહ તથા યોગેન્દ્રસિંહને મળેલી ચોક્કસ બાતમી ના આધારે જામનગરના પ્રદર્શન મેદાનમાં વોચ ગોઠવી જામનગરના હરિયા કોલેજ આગળના વિસ્તારમાં રહેતા જયદેવસિંહ શિવુભા જાડેજા નામના શખ્સને જુદી-જુદી આઠ નંગ સાયકલ સાથે ઝડપી લીધો હતો. જે સાયકલો સસ્તા ભાવે વેચાણ કરતો હોવાનું પોલીસને ધ્યાનમાં આવ્યુ હતું. પોલીસે તેની કબજામાંથી શંકાસ્પદ કે ચોરાઉ મનાતી આઠ નંગ સાયકલો કબજે કરી લીધી હતી. પોલીસ દ્વારા તેની વધુ પૂછપરછ ચલાવવામાં આવી હતી.

# જામનગર જિલ્લા પંચાયતમાં અમુક કર્મચારીઓ રહ્યાં પગાર વિહોણાં

## રાજ્ય સરકાર દ્વારા ડિઝીટલ ક્રાંતિનું ફૂંકાયું બ્યુગલ, પણ સૉફ્વૅરના ડખ્ખા યથાવતઃ પગાર ચૂકવણી ટાંકણે જ સરવર હૅંગઃ દિવાળી ઉપર જ બજેટ ખોરવાતાં કર્મચારીઓમાં રોષ

જિલ્લા અને તાલુકા પંચાયતના કર્મચારીઓ, પટ્ટાવાળાઓ, આરોગ્ય વિભાગના કર્મચારીઓ, આઉટસોર્સિંગ કર્મચારી અને તલાટીના પગાર થયા નથી, કેટલાક કર્મચારીઓ રાત્રીના ૧૧ વાગ્યા સુધી બીલ અપલોડ કરવા માટે બેસે છે, પરંતુ જયાં સુધી સોફટવેર નિયમીત કાર્ય ન થાય ત્યાં સુધી બધુ નકામુ છે, જિલ્લાના આંગણવાડીના કર્મચારીઓ, મેડીકલ ઓફીસરો, હેલ્થ વર્કરો, હેલ્પર અને બાંધકામ સિંચાઈ સહિતના બિલો આ સોફટવેરના કારણે પગાર થઈ શકયા નથી, જેને કારણે કર્મચારીઓની દિવાળી ઉપર પણ અસર થઈ છે. તાત્કાલીક અસરથી આ પગાર નહીં થાય તો લોકોને ખુબ જ તકલીફ પડશે તેમ સુત્રોનું કહેવું છે.

# જામનગરના લાલ બંગલા પાસે બાઈક ટકરાતા ચાલકનું મોત

જામનગરમાં ખોજા નાકા વિસ્તારમાં રહેતા જાવેદભાઈ નામના ઘાંચી મુસ્લિમ યુવાન ગત ૧૮ના દિવસે પોતાની પુત્રી અતિયાને સ્કૂલે મુકવા માટે બાઈક નં. જીજી૧૦-એએફ-૫૮૧૫ લઈને નીકળ્યા હતા, અને લાલ બંગલા સર્કલ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા.

જે દરમિયાન સામેથી પુરપાટ ઝડપે આવી રહેલા જીજે-૧૦ બી.એસ. ૯૬૦૪ નંબરના બાઈકના ચાલકે ઠોકર મારી દેતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં જાવીદભાઈને ખંભાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હતી, અને તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર પછી તેઓનું મૃત્યુ નીપજ્યું છે.

આ અકસ્માતના બનાવ અંગે મૃતકના સાળા ઉજેલભાઈ કાસમભાઈ માડકીયાએ સીટી-બી ડિવિઝન પોલીસ મથકમાં અકસ્માત સર્જનાર બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## તંત્રી સ્થાનેથી..

### યુદ્ધઃ શાંતિ મંત્ર જરૂરી !

ગાઝા પ્રદેશમાં આતંકવાદી સંગઠન હમાસે ઈઝરાઈલ ઉપર કરેલ હુમલા બાદ યુદ્ધની જે સ્થિતિ ઉભી થઈ છે, એના માટે સમગ્ર વિશ્વના નાગરિકોમાં ચિંતાનો માહોલ છે. ભારત પણ પાડોશી રાષ્ટ્રની આતંકવાદી પ્રવૃત્તિને ટેકો આપવાની નીતિથી પરેશાન છે, ભારત પાડોશી રાષ્ટ્ર સાથે યુદ્ધ પણ કરી ચૂક્યું છે. ત્યારે આજે ફરી એક વખત ભારતે આપેલ અહિંસાના મહામંત્ર સાથે જ વિશ્વ શાંતિના માર્ગ ઉપર આગળ વધી શકાય છે તેમ સમગ્ર વિશ્વ અનુભવે છે. જગતના રાજનીતિજ્ઞો વિશ્વ શાંતિ માટે ઈચ્છુક હોય એ બધા ટોચથી નીચે જવાની યોજનાઓ ઉપર વિચાર કરે છે. જયારે ભારતના અહીંસાના નિયમો પાયાથી શરૂ કરી તે ઉપર ચણતર કરવાનું કામ કર્યું છે. આદર્શ સમાજ વ્યવસ્થા માટે દુનિયામાં અનેક મહાપુરૂષો અને ચિંતકોએ મથામણ કરી છે. એ માટે જુદી જુદી પધ્ધતિઓ, ઉકેલો અને ઉપાયો પણ એમના દ્વારા મુકવામાં આવ્યા છે. આપણું એ સદનસીબ છે કે આપણી પાસે મહાત્મા ગાંધી જેવી પ્રચંડ પ્રતિભા છે જેમણે તમામ સમસ્યાઓ ઉપર મૌલિક ચિંતન કરી એના ઉકેલની દિશા આપી છે. અને એ મૂળ ગાંધી વિચારધારાના પાયામાં ગામડાનો ઉત્કર્ષ એ મુખ્ય બાબત છે. દેશનો આત્મા ખેડૂત કે ગ્રામ્ય કારીગર છે. આત્મનિર્ભર ગામ થકી જ દેશ સાચા અર્થમાં સ્વરાજની અનુભૂતિ કરી શકશે. મહાત્મા ગાંધીએ ગામડાના અર્થતંત્ર અને વ્યકિતના ગૌરવ વિશે જે લેખો લખ્યા છે, જેમાં ઊંડું ચિંતન અનુભવાય છે. એની પાછળનો એમનો આશય દેશનો સામાન્ય નાગરિક પણ ગૌરવપૂર્ણ રીતે જીવી શકે અને આઝાદીનો સાચા અર્થમાં અહેસાસ કરી શકે એ જણાય છે.

# શહેરમાં રીક્ષામાં બેઠેલાં યુવકના ૨૫ હજારની રોકડ ગાયબ

જામનગરમાં ગોકુલનગર રડાર રોડ રામનગર શેરી નંબર ૩માં રહેતા પ્રવીણભાઈ રણછોડભાઈ જીલકા (ઉ.વ. ૪૩) તા. ૨૬ના દિવસે જકાતનાકાથી મેલડી માતાના ઢાળિયા વચ્ચે એક રિક્ષામાં બેઠા હતા, તે રીક્ષા ની મુસાફરી દરમિયાન રીક્ષાચાલક અથવા તો તેની સાથે અંદર બેઠેલા અન્ય મુસાફરોએ ગિરદી કરીને ખિસ્સામાંથી રૂપિયા ૨૫,૦૦૦ ની રોકડ રકમ સેરવી લીધી હતી, રીક્ષામાંથી ઉતર્યા પછી પોતાના ખિસ્સા ચેક કરતાં ઉપરોક્ત રકમ ગાયબ થઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી પ્રવીણભાઈએ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં રીક્ષા ચાલક અને તેના સાગરીતો સામે ૨૫ હજારની રોકડ રકમ ની ઉઠાંતરી કરી લેવા અંગે ફરિયાદ નોંધાવી છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે. અગાઉ પણ રીક્ષામાં બેસાડીને મુસાફરોના ખિસ્સા હળવા કરી ગયાની ફરીયાદો નોંધાઈ ચુકી છે.

# શહેરમાં રિવરફ્રન્ટ માટે જેએમસી દ્વારા પ્રાથમિક કામગીરી


તસવીરઃ જીતુ સોલંકી

જામનગર શહેરમાં રૂા. ૬૦૦ કરોડના ખર્ચે રીવરફ્રન્ટની કામગીરી થવાની છે ત્યારે આજે કોર્પોરેશનના અધિકારીઓએ સ્થળ પર જાત નિરીક્ષણ કરીને કઈ રીતે રીવરફ્રન્ટ બનાવવામાં આવશે તે વિશે થોડું માર્કીંગ કરીને કામગીરી શુભ શરૂઆત કરી છે, જો કે હજુ આખું ડીપીઆર આવ્યા બાદ ધીરે ધીરે કામગીરી શરૂ થશે, મ્યુ. કમિશ્નર દિનેશ મોદી, ડીએમસી ભાવેશ જાની સહિતના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આ કામગીરી ધીરે ધીરે શરૂ થઈ છે.

# જામનગરમાં વિહિપ દ્વારા સંત વાલ્મિકી જયંતિ નિમિત્તે પૂજન



જામનગરમાં રવિવારે રામાયણના રચયિતા સંત વાલ્મિકી જયંતિ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દુર્ગા વાહિની અને માતૃ શક્તિ વિભાગ દ્વારા પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જામનગરમાં નીકળેલી સંત વાલ્મિકીજીની શોભાયાત્રા દરમિયાન બજરંગ દળના પ્રાંત સંયોજક રવિરાજસિંહ જાડેજા, ઉપાધ્યક્ષ રમેશભાઈ તારપરા, મંત્રી હેમંતસિંહ જાડેજા, પ્રીતમસિંહ વાળા, જિલ્લા પ્રચાર પ્રસાર સંયોજક કિંજલભાઈ કારસરીયા, વિશેષ સંપર્ક સંયોજક કલ્પેશભાઈ રાજાણી, બજરંગદળ સહ સંયોજક ધ્રુમિલ લંબાટે, સંજયસિંહ કંચવા સહિતના અગ્રણી હોદ્દેદારો અને કાર્યકરોએ સંત વાલ્મિકીની પ્રતિમાને પુષ્પાંજલિ કરી દિગ્વિજય પ્લોટ ૩૧માં આવેલ સંત શ્રી વાલ્મિકીજીના મંદિરે દર્શન કરી પૂજન અર્ચન કર્યું હતું.

## અનુસંધાન

### ઍકશન પ્લાન

(પાના નં. ૪ થી આગળ)

વિસ્તારમાં ઢોર પકડવાની કામગીરી કરવામાં આવશે. ઢોર પકડવાની કામગીરીમાં જે કોઈ ખલેલ પહોંચાડશે તેની સામે કડક પગલા લેવામાં આવશે, આ મીટીંગમાં ડીએમસી ભાવેશ જાની, કન્ટ્રોલીંગ અધિકારી મુકેશ વરણવા, નિતીન દીક્ષીત સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતાં.

### આવારા કૂતરા

(પાના નં. ૪ થી આગળ)

પ્રકારની ઈજાઓ થઈ હતી. તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા પછી સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના ભાઈ મયુરસિંહ રતનસિંહ રાઠોડએ પોલીસને જાણ કરતાં પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

### જુગારના દરોડા

(પાના નં. ૪ થી આગળ)

અફઝલ જુસબ ઘોઘા, નંદનપાર્કના અનિરુધ્ધસિંહ તખુભા પરમાર, ખોડીયાર કોલોની બાણું કવાર્ટર શેરી નં. ૩માં રહેતા હિતેશ બટુકપરી ગોસ્વામી તથા શકિતનગર મેઈન રોડ ખાતે રહેતા જુવાનસિંહ જગતસિંહ રાઠોડને રોકડા ૧૩૧૬૦ સાથે પકડી લીધા હતા.

### ફૂટ પેટ્રોલિંગ

(પાના નં. ૪ થી આગળ)

મુલાકાત તેમજ રેપીડ એક્શન ફોર્સ ના અધિકારી-જવાનો સાથે પોલિસ સ્ટેશન વિસ્તારમાં નુરી રઝા ચોક, ઈકબાલ ચોક, સોઢા ફળી, ઈદ મસ્જિદ ચોકમાં ફટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું, તેમજ કાયદો અને વ્યવસ્થાને લગતા પ્રશ્નો અંગેની માહિતી આપવામાં આવી હતી.

### નિવૃત્ત પૉલીસકર્મી

(પાના નં. ૪ થી આગળ)

જે ફરિયાદી સાથે રહે છે. અગાઉ આરોપીને છુટાછેડાના લખાણ કરી લીધેલ હતું અને તે પ્રમાણેની કાર્યવાહી મુજબ છુટાછેડા માન્ય ગણી શકાય નહી અને દિવાની અદાલતે આ છુટાછેડા માન્ય ન રાખી શકાય તેમ ઠરાવેલ હતું. આથી ફરિયાદી અને તેનો પુત્ર બન્ને સંયુક્ત હિન્દુ કુટુંબના કાયદકીય વારસો ગણાય છે હકિકત છુપાવી આરોપીઓ આ વારસાઈમાં ખોટી કિકતો જાહેર કરી લાખાબાવળ ગામે આવેલ ખેતીની જમીનમાં ફરિયાદી અને તેના પુત્રનો હિસ્સો પાચાવી પાડવા, અને આરોપીઓએ ખોટો વારસાઈ આંબો અને સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જે આરોપીઓએ રેવન્યુ ઓથોરીટી સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આમ, ત્રણ કરોડની મિલ્કત પચાવી પાડવાનો ગુન્હો આરોપીઓએ સામે પ્રથમ દર્શનીય બને છે.

ફરિયાદી તરફે વકિલ ડો. વી.એચ.કનારા, શ્રધ્ધા કનારા, એસ.બી.વેરીચા, ડી.એન.ભેટ્ટા, વી.ડી.બારડ, આર.એ.સફિયા, આર.ડી. સીસોટિયા, રૂપાબેન વસરા, જે.એમ. નંઘણીયા, પી. એન. રાડિયા, વી.એસ.ખીમાણીયા રોકાયેલા હતા.

### વાડીનાર વિસ્તાર

(પાના નં. ૪ થી આગળ)

નોટના નંબર ઉપર એકીબેકીનો જુગાર રમી રહેલા કારાભા નંઢુભા કેર અને ડુંગરભા નંઢાભા ભઠડ નામના બે શખ્સોને મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લીધા હતા.

### શુલભ શૌચાલય

(પાના નં. ૪ થી આગળ)

કચરો અને ગંદકી આપ ને અકળાવી દેશે! માની લ્યો કે તે આપ કદાજ તે સહન કરી ને અંદર પ્રવેશ કરી ગયા તો નવી આફત આપ ને દેખાશે.

**શૌચાલયનું આખું બિલ્ડિંગ જર્જરિત છે**

પુરુષ અને મહિલા બંને વિભાગ ની છતો માંથી પોડા પડે છે ઉપરાંત પુરુષ વિભાગ નાં ભાગે અડધું બિલ્ડિંગ પડું પડું થઈ રહ્યું છે, રૂ.૧૦ ઉઘરાવી લેવામાં આવે છે પણ અંદર પૂરતા પ્રમાણ માં લાઈટ પણ નથી. આવી હાલત માં પણ આ સુલભ સૌચાલય યાત્રિકોની સેવામાં તંત્ર એ કાર્યરત રાખ્યું છે તે આશ્ચર્ય બાબત કહી શકાય. જ્યારે આપ ટિકિટ બારી માં લાઈન માં ઊભી ને ટિકિટ મેળવવા જાઓ તો આપ ને ઘણી મુસીબતો નો સામનો કરવો પડશે ! ટિકિટ બારી ને ચારે કોર થી દ્વિચક્રી વાહનો એ ઘેરી લીધી હસે. ટ્રાફિક નિયમન કે કોઈ સુચારુ વ્યવસ્થાનું આપ ને નામોનિશાન જોવા નહિ મળે !

આ અંગે ઓખા જીએમબી તંત્રની તપાસ કરતા જાણવા મળ્યું કે ત્યાં પૂરતો સ્ટાફ નથી! શ્રીમાન મિશ્રા કરી ને કોઈ પોર્ટ ઓફિસર હાલ ચાર્જમાં છે, ઉપરાંત ટ્રાફિક ઓફિસર,હેડ ક્લાર્ક અને અન્ય પદો ખાલી પડ્યા છે. કાર્યપાલક ઈજનેર શ્રીમાન પવાર પોરબંદર થી ચાર્જમાં અહી પણ ફરજ બજાવે છે.

### જામજોધપુર યાર્ડ

(પાના નં. ૪ થી આગળ)

ચીમનભાઈ શાપરીયા, નરેન્દ્રભાઈ કડીવાર, ચીમનભાઈ અસાણી અને જયસુખભાઈ વડાલીયાની જીત થઈ હતી, આમ પ્રારંભિક તબક્કામાં જ ૧૧ માંથી ૬ બેઠકો પર ભાજપ પ્રેરિત જૂથે કબ્જો કરી લીધો હતો.

ખેડૂત વિભાગમાં સૌથી વધુ મત આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમત ખવાને મળ્યા હતા અને આ રીતે તેઓ ગ્રામ્ય વિસ્તારમાં પોતાની લોકપ્રિયતા અકબંધ રાખવામાં એક રીતે સફળ થયા છે, ધારાસભ્યને ૨૬૪ ઉપરાંત અન્ય ૧૦ વિજેતા ઉમેદવારોને મળેલા મત મુજબ ડો. અજય અભંગીને ૨૩૦, કિશોરસિંહ જાડેજા ૨૨૧, અતુલસિંહ જાડેજા ૨૧૭, શિવરાજસિંહ જાડેજા ૨૧૭, મુકેશ સરધારા ૨૦૬, દેવાભાઈ મેર ૨૦૪, રાજુભાઈ કાલરીયા ૨૦૨, પ્રવિણભાઈ સગર ૨૦૧, વનરાજસિંહ જાડેજાને ૨૦૦ મત મળ્યાનો સમાવેશ છે.

### કપાતર

(પાના નં. ૩ થી આગળ)

વાતચીત કરવી નહી તેમ કહ્યુ હતું. ફોન પર વાત કરવાનું પસંદ ન હોય અને આરોપીએ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને અપશબ્દો કહી, ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી દીધી હતી, આથી મંજુલાબેન દ્વારા સીટી-એ ડીવીઝનમાં યોગેશ્વરનગર શેરી નં. ૨ જુના પાટાની બાજુમાં રહેતા અજય ઉર્ફે અજલો દ્વારકાદાસ ગોંડલીયાની વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી.

### જૂથ અથડામણ

(પાના નં. ૩ થી આગળ)

રમેશગર ગોસ્વામી, રેખાબેન રમેશગર ગોસ્વામી, અલ્પાબેન રમેશગર ગોસ્વામી, જુલી રમેશગર ગોસ્વામી અને રમેશગર ત્રિકમગર ગોસ્વામી નામના પાંચ શખ્સો સામે નોંધાવી છે. અગાઉની માથાકૂટનો ખાર રાખીને ઉપરોક્ત શખ્સોએ હુમલો કરી, ઈજાઓ કર્યાનું આ ફરિયાદમાં જાહેર થયું છે.

### રાજગોર બ્રાહ્મણ

(પાના નં. ૩ થી આગળ)

નવાગઢ હસમુખભાઈ જોશી દિવ્યેશભાઈ તેરૈયા , હિતેશભાઈ દવે, હેમંતભાઈ જોશી, રજનીભાઈ શિલુ તથા યુવા સંગઠન ટીમ આશુતોષભાઈ જોશી, હર્ષદભાઈ વેગડા, પ્રદીપભાઈ મહેતા, કલ્પેશભાઈ રવૈયા, સંજયભાઈ શીલુ,મોહિતભાઈ જોશી, જયદીપ શીલુ, ધવલભાઈ શીલુ દ્વારા કાયેક્મ સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ હતી. આ કેમ્પમાં નિદાન તથા દવાઓ ફી માં આપવામાં આવેલ હતી

### હિચકારો હુમલો

(પાના નં. ૩ થી આગળ)

કરવા ફોન આવ્યો હતો, તા. ૨૯ બપોર પછી સણોસરા સીમમાં આરોપીઓએ આવીને ટીસી બાવળની પેલી બાજુ થોડે દુર કરવા કહ્યુ હતું અને અપશબ્દો બોલી મારી નાખવાની ધમકી આપી ત્યાથી ચાલ્યા ગયા હતા, થોડીવાર પછી આરોપીઓ પાઈપ, તલવાર જેવા હથીયારો સાથે આવ્યા હતા અને ફરીયાદીને મુક્કા માર્યા હતા તેમજ ધમકીઓ દીધી હતી અને આરોપી મુન્નાએ માથાના ભાગે તેમજ પાંસડીમાં ઘા ઝીંકી દઈ ઈજા કરી હતી.

### પ્રધાનમંત્રી ગુજરાતમાં

(પાના નં. ૧ થી આગળ)

આપી છે. તેનું જ પરિણામ છે કે આજે ગુજરાત અને દેશ વિકાસના મોરચે આગળ વધી રહ્યા છે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ અને આદિવાસી સેનાની ગોવિંદ ગુરુનો ઉલ્લેખ કર્યો હતો. આ સાથે પીએમ મોદીએ તેમના સંબોધનમાં મફત રસીનો ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે હું ગોવિંદ ગુરુને યાદ કરી રહ્યો છું. તેમણે અંગ્રેજોના છક્કા છોડાવી દીધા હતા. પીએમ મોદીએ કહ્યું કે આવતીકાલે એટલે કે ૩૧મી ઓકટોબરે સરદાર પટેલનો જન્મદિવસ છે. તેમણે કહ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે જ નહીં પરંતુ આવનારી પેઢીઓને પણ ગર્વ થશે. આ પછી પીએમ મોદીએ ઉત્તર ગુજરાતના વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતા કહ્યું કે આજે ઉત્તર ગુજરાત સમૃદ્ધિ તરફ આગળ વધ્યું છે. અગાઉ ખેડૂતો એક જ પાક લેતા હતા. હવે તેઓ નર્મદાના પાણીને કારણે ત્રણ-ત્રણ પાક લઈ રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે ઉત્તર ગુજરાતમાં ૯ ટકા ઈસબગોલનું પ્રોસેસિંગ થઈ રહ્યું છે.

### એસઆરપી જવાનો

(પાના નં. ૧ થી આગળ)

૪૦થી વધુ જવાનો સાથે બસ બેકાબૂ બની કોતરમાં ઊતરી જઈ પલટી ખાઈ ગઈ હતી. સર્જાયેલા અકસ્માતમાં બસમાં સવાર ૩૦થી વધારે જવાનોને ઈજાઓ પહોંચતાં તમામને અન્ય બસ અને ૧૦૮ મારફત હાલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર આપી વધુ ઈજાગ્રસ્ત ૮ જવાનને વડોદરા ખસેડવામાં આવ્યા છે. ડોક્ટર્સ હાલ તમામ જવાનોને સારવાર આપી રહ્યા છે. અન્ય કોઈ જવાન ગંભીર ઈજાગ્રસ્ત હશે તો તેને પણ વડોદરા રિફર કરવામાં આવશે.

### કતારમાં મૃત્યુદંડ

(પાના નં. ૧ થી આગળ)

પરિવારો સાથે વાતચીત કરીને એમને કહ્યું કે સરકાર તેમની મુક્તિ માટે તમામ પ્રયાસો કરવાનું ચાલુ રાખશે અને તે સંદર્ભે પરિવારો સાથે નજીકથી સંકલન કરશે.'' કતારમાં મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા પૂર્વ મરીનના પરિવારોએ આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સીધા હસ્તક્ષેપની માંગ કરી હતી.

### ફંડના સોર્સ

(પાના નં. ૧ થી આગળ)

આપવાનો ઈનકાર કર્યો હતો. વળી, આ યોજના પર પ્રતિબંધ લગાવવાની માંગ કરતી એનજીઓની અરજી પર કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પાસે જવાબ માંગવામાં આવ્યો હતો.

### બસોની એન્ટ્રી

(પાના નં. ૧ થી આગળ)

રાજસ્થાનથી આવતી BS III અને BS IV ડિઝલ બસો એનસીઆર વિસ્તારોમાંથી આવતી હોવાથી દિલ્હીમાં પ્રદૂષણ વધી રહ્યું છે.

પર્યાવરણ મંત્રીએ વધુમાં કહ્યું કે, ગત વર્ષે દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૯૭ અને આ વર્ષે ૩૨૫ પર હતો, જેમાં આંશિક સુધારો થયો છે. આગામી ૧૫ દિવસ ખુબ જ મહત્વના છે અને અમે તેની તૈયારીઓ કરી રહ્યા છીએ. ઔદ્યોગિક એકમોને પ્રાકૃતિક ગેસ પર શિફ્ટ કરાયા છે.

### બજાર દોડ્યું

(પાના નં. ૧ થી આગળ)

લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ રૂ. ૩૧૧.૬૯ લાખ કરોડ થવા પામી છે. જે ૨૬ ઓક્ટોબરે રૂ. ૩૦૬.૦૪ લાખ કરોડ હતી. તેમાં વધારો નોંધાતા નફો વધ્યો છે.

# અંબાજી ખાતે વડાપ્રધાનના આગમન પૂર્વે અંબાજી મંદિરના ચાચર ચોકમાં ૯૦૦ દીવડાની મહાઆરતી યોજાઈ

## અંબાજી મંદિરના ચાચર ચોકમાં વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત મહાઆરતીમાં જોડાયા હતાઃ વડાપ્રધાનશ્રીના કાર્યક્રમને અનુલક્ષી અંબાજી ખાતે પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરાયું હતું





ગત્ તા. ૩૦ ઓક્ટોબરના વડાપ્રધાનશ્રી નેરન્દ્રભાઈ મોદી અંબાજી ખાતે આદ્યશક્તિપીઠ મા અંબાના દર્શનાર્થે પધારનાર હતાં ત્યારે અંબાજી મંદિરના ચાચર ચોકમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને ઉદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં ૯૦૦ દીવડાની મહાઆરતી કરવામાં આવી હતી જેમાં હજારોની સંખ્યામાં માઈભક્તો જોડાયા હતા.

વિધાનસભાના અધ્યક્ષશ્રી અને મંત્રીશ્રીએ માતાજીના દર્શન કરી જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે અંબાજી મંદિર પરિસર, શક્તિદ્વાર અને ચાચર ચોકમાં વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ પૂર્વે તંત્ર દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરાયું હતું.

આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી મા અંબા ના દર્શન અને આરાધના કરવા અંબાજી ખાતે પધારી રહ્યા છે ત્યારે તેમના આગમન પૂર્વે મંદિરના ચાચર ચોકમાં ૯૦૦ દીવડાની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં હજારોની સંખ્યામાં માઈભક્તો જોડાયા છે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ અને શ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલ, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવશ્રી આર. આર. રાવલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપિનલ ખરે, પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, પૂર્વ મંત્રીશ્રી અને સંગઠનના પ્રમુખશ્રી કીર્તિસિંહ વાઘેલા, અગ્રણીઓ સર્વશ્રી કનુભાઈ વ્યાસ, શ્રી સંજય બ્રહ્મભટ્ટ, શ્રી ટી.પી.રાજપૂત સહિત પદાધિકારી ઓ-અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાંથી ચાર મોબાઈલ સાથે એક શંકાસ્પદ શખસની અટક

જામનગર શહેરમાં મોબાઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપીને કુલ ૪ મોબાઈલ સાથે પકડી પાડી પુછપરછ હાથ ધરી હતી.

દરમ્યાન પો.હેડ કોન્સ શૈલેષ ઠાકરીયા, પો.કોન્સ હિતેશ સાગઠીયાને સંયુકત રીતે ખાનગી રાહે ચોકકસ હકીકત મળેલ કે એસટી બસ સ્ટેન્ડની સામેના ભાગે આઈટીઆઈના ગેટ નજીક, ચાની હોટલ પાસે એક ઈસમ જામનગર સીટી-એ કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ચોરીમાં ગયેલ મુદામાલ મોબાઈલ ફોન વેચવા નીળકવાનો છે. ઈસમે શરીરે મરૂન કલરનું અડધી બાંયનું ટીશર્ટ તથા કાળા કલરનું જીન્સનું પેન્ટ પહેરેલ છે.

જે હકીકત આધારે આરોપી ઈમરાન ઉર્ફે ઈમલો યુનુસ ગઢકાઈ (ઉ.વ.૩૧) રહે. શંકર ટેકરી, પાણીના ટાંકા પાસે નવી નિશાળની પાસે, જામનગર વાળાના કબ્જામાથી અલગ અલગ કંપનીના કુલ ૪ મોબાઈલ મળી આવતા સીટી-એ ડીવીઝનના ગુનાના કામે કબ્જે કરી તેમજ અન્ય મોબાઈલ ૩ ગણી કુલ ૨૪૦૦૦ ના મોબાઈલ ફોન શકપડતી મિલકત તરીકે સીઆરપીસી ૧૦૨ મુજબ કબ્જે કરી ચોરીના અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કર્યા હતા.

# ખંભાળિયાના યુવાનને જાતિ અંગે હડધૂત કરી આપી ધમકી આપતાં બે શખસો

ખંભાળિયામાં નગરગેઈટ વિસ્તારમાં આવેલા વણકરવાસ પાસે રહેતા રાણાભાઈ હીરાભાઈ રોશિયા નામના ૪૨ વર્ષના અનુસૂચિત જાતિના યુવાનની ઠંડા પીણાંની દુકાને આવીને આ જ વિસ્તારમાં રહેતા અજયગીરી ઉર્ફે ઈશ્વરગીરી પ્રતાપગીરી ગોસ્વામી (ઉ.વ. ૩૯) અને વીરુ ઉર્ફે વીરેન્દ્રગીરી સંજયગીરી ગોસ્વામી (ઉ.વ. ૨૪) નામના બે શખ્સોએ દુકાનમાં ઠંડા પીણાંના બાકી રહેલા રૂપિયા ૫૪૦ ભૂલી જવાનું કહી અને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી, બિભત્સ ગાળો કાઢી, સાહેદ અરશીભાઈ સાથે ઝપાઝપી કરી હતી. ફરિયાદીની દુકાનમાં રહેલા કાચના શીશા તથા ડોલ તોડી નાખી અને આર્થિક નુકસાની કરીને આરોપી વિરેન્દ્રગીરી ગોસ્વામીએ ફરિયાદીની દુકાનમાં લચ્છી ન હોવાથી બીજી દુકાનમાં લચ્છી પીવા જવા માટે રૂપિયા ૨૦૦ની ફરિયાદી રાણાભાઈ પાસે માંગણી કરી હતી. આ પ્રકરણમાં આરોપીઓએ ફરિયાદી રાણાભાઈ રોશિયાને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી, લોખંડના પાઈપ વડે માર મારવાનો ભય બતાવી, અમે જ્યારે દુકાને આવીએ ત્યારે મફતમાં ઠંડા પીણા આપવાનું કહીને જાનથી મારી નાખવાની ધમકી પણ ઉચ્ચારી હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

# જામનગર પાસે ખાનગી કંપની સાથે ૧૦ લાખની છેતરપિંડી

## હંગામી કર્મચારી સહિત બે શખસોએ ઈંધણના ખોટા બિલ બનાવી આચર્યું કારસ્તાન

મોટી ખાવડી સ્થિત રિલાયન્સ કંપનીમાં એમ્બ્યુલન્સ સેવા માટે મૂકવામાં આવેલી છે, જે જીજે ૧૦-ટીટી-૭૦૮૪ નંબરની એમ્બ્યુલન્સમાં કામ ચલાઉ કર્મચારી તરીકે મોટી ખાવડીમાં રહેતા અભય કિરીટકુમાર કેશોરની નિમણૂક કરવામાં આવી હતી. જેણે પોતાના સાગરીત વસઈ ગામમાં રહેતા જૂનુશ અલીભાઈ શમા સાથે કારસ્તાન રચીને કંપની સાથે છેતરપિંડી કરી હોવાનો મામલો સામે આવ્યો હતો. એમ્બ્યુલન્સમાં પેટ્રોલ અને જનરેટરમાં ડીઝલ ભરાવા માટે થઈને અલગ-અલગ સમયે કુલ ૯,૭૮,૪૧૫ના બીલો રજૂ કર્યા હતા.

કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું હતું. કંપનીની મોબાઈલ આઈ કિલનીક એમ્બયુલન્સ વેનમાં કામચલાઉ ધોરણે કામે રાખ્યા હતા અને કંપની દ્વારા ઈંધણ ભરાવવા ફ્યુઅલ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યુ હતું આ કાર્ડનો ગેરઉપયોગ કરી અન્ય વાહનોમાં ઈંધણ પુરાવી વિશ્વાસઘાત કર્યો હતો.

જે મામલો મેઘપર-પડાણા પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને પ્રતીકકુમાર પ્રવીણકુમાર જોશી દ્વારા અભય કિરીટભાઈ અને તેના સાગરિત જૂનુસ શમા સામે ૯,૭૮,૪૧૫ ની છેતરપિંડી કરી હોવાની ફરિયાદનોંધાવતાં પોલીસે બંને આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# માતાને માર મારતો જામનગરનો કપાતર

જામનગર શહેરના યોગેશ્વર નગરમાં રહેતાં મંજુલાબેન દ્વારકાદાસ ગોંડલીયા નામની ૬૨ વર્ષીય વૃદ્ધાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના ત્રણ દિકરાઓ છે અને તેઓ અજય સાથે રહે છે. દરમ્યાન ફરીયાદીની પૌત્રી આશાએ કોર્ટ મેરેજ કરેલ હોય અને ફરીયાદી મંજુલાબેન સાથે ફોન પર વાતચીત કરતી જે અજયને પસંદ નહોતું અને અવાર-નવાર તેમને ફોન પર વાત ન કરવા કહેતો અને ગત તા. ૨૮.૧૦ ના રોજ અજયે તેમને કહેલ કે તારે જો મારી સાથે રહેવું હોય તો ફોન ઉપર

અનુ પાના નં.૨ પર

# NCCના DG લેફ્ટનન્ટ જનરલ ગુરબીરપાલસિંહ AVSM VSMએ વલ્લભ વિદ્યાનગરમાં ગ્રૂપ હેડક્વાર્ટરની મુલાકાત લીધી





NCCના મહાનિદેશક (DG) લેફ્ટનન્ટ જનરલ ગુરબીરપાલસિંહ, AVSM, VSMએ વલ્લભ વિદ્યાનગર ખાતે ગ્રૂપ હેડ ક્વાર્ટરની મુલાકાત લીધી હતી. DGAએ NCC પ્રવૃત્તિઓ અને ગુજરાત ગઈઈની વિકાસ યોજનાઓની ચર્ચા કરી હતી. તેમણે ગ્રૂપ કમાન્ડરો, ગઈઈ યુનિટના કમાન્ડિંગ ઓફિસર, કેડેટ્સ અને તાલીમ સ્ટાફ સાથે પણ સંવાદ કર્યો હતો. તેમણે કેડેટ્સ અને કર્મચારીઓને તેમના ઉત્કૃષ્ટ કાર્ય બદલ તેમને સન્માનિત કર્યા હતા. તેમણે યુવા પેઢી અને સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓના સર્વાંગી વિકાસ માટે ગુજરાતમાં ખાસ કરીને સરહદી વિસ્તારો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં NCC પ્રવૃત્તિઓના વિકાસ પર ભાર મૂક્યો હતો.

# કલ્યાણપુરના નંદાણાના યુવાનનું ભાટિયા પાસે ટ્રકની હડફેટે મૃત્યુ

## મીઠાપુર પાસે ટ્રકની ઠોકરે અજાણી મહિલા ભીક્ષુકનું મોત નિપજ્યું

કલ્યાણપુર તાલુકાના નંઘણા ગામે રહેતા રાજેશભાઈ રઘુભાઈ પરમાર નામના ૩૧ વર્ષના યુવાન ગત તારીખ ૨૭મી ના રોજ રાત્રિના આશરે ૧૦:૩૦ વાગ્યાના સમયે એક આસામીની જી.જે. ૨૭ વી ૯૧૮૭ નંબરની ઈક્કો મોટરકાર લઈને તેમની સાથે ભાટીયા ગામના દેવાભાઈ હરજીભાઈ ગોરડીયાને સાથે લઈને ભાટીયાથી નંઘણા ગામે મોગલ માતાના દર્શન કરવા જઈ રહ્યા હતા. ત્યારે ભાટીયા બાયપાસ નજીક આવેલી એક હોટલ પાસે પહોંચતા સામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા જી.જે. ૧૦ ટી.વી. ૬૮૭૫ નંબરના એક ટ્રકના ચાલકે ઈક્કો મોટર કાર સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો.

આ જીવલેણ ટક્કરમાં રાજેશભાઈ રઘુભાઈ પરમારને ફ્રેક્ચર સહિતની નાની મોટી ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે તેમની સાથે જઈ રહેલા દેવાભાઈ ગોરડીયાને પણ ફ્રેક્ચર સહિતની ઈજાઓ સાથે સ્થાનિક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસે દેવાભાઈ હરજીભાઈ ગોરડીયા (ઉ.વ. ૪૭, રહે. ભાટિયા)ની ફરિયાદપરથી ટ્રકના ચાલક સામે આઈપીસી કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪ (અ) તથા એમ.વી. એક્ટની આગળની તપાસ કરી છે.

મીઠાપુરથી આશરે ચાર કિલોમીટર દૂર આરંભડા ગામે આવેલા એક ધાબા પાસે પૂર ઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક ટ્રકના ચાલકે આ માર્ગ પર રહેલા આશરે ૬૫ વર્ષના અસ્થિર મગજના અજાણ્યા ભિક્ષુક મહિલાને અડફેટે લેતા તેણીને શરીરના જુદા જુદા ભાગોમાં જીવલેણ ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે લખમણભા માણેકની ફરિયાદ પરથી મીઠાપુર પોલીસે અજાણ્યા ટ્રકના ચાલક સામે ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયામાં જૂના ડખ્ખા અંગે જૂથ અથડામણ

ખંભાળિયામાં નગર વિસ્તારમાં રહેતા રમેશગર ત્રિકમગર ગોસ્વામી નામના ૫૫ વર્ષના આધેડનો પુત્ર પારસ જેલમાંથી છૂટીને આવેલો હોય, જેથી આજ વિસ્તારમાં રહેતા અજયગીરી પ્રતાપગીરી ગોસ્વામી, સચિનગીરી અજયગીરી ગોસ્વામી, ભાવેશગીરી ઉર્ફે ટીનો બળવંતગીરી ગોસ્વામી, હિરેનગીરી પ્રતાપગીરી ગોસ્વામી અને પ્રિયંકાબેન અજયગીરી ગોસ્વામીએ એકસંપ કરીને ફરિયાદી રમેશગરના ઘર પાસે જઈ અને તેમના પુત્રને બેફામ માર મારી, ઈજાઓ પહોંચાડી હતી.

એટલું જ નહીં, આરોપી શખ્સોએ બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી પણ ઉચ્ચારી હોવાની ફરિયાદ રમેશગર ગોસ્વામીએ અહીંના પોલીસ મથકમાં નોંધાવી છે.

સામા પક્ષે ઈશ્વરગીરી ઉર્ફે અજયગીરી પ્રતાપગીરી ગોસ્વામી (ઉ.વ. ૪૦, રહે, બરછા સ્ટ્રીટ) એ પારસ

અનુ પાના નં.૨ પર

# લાલપુરના ઝાંખર ગામે ક્રિકેટનો સટ્ટો ખેલતાં ચાર દબોચાયા

લાલપુર તાલુકાના ઝાખર ગામમાં ક્રિકેટના સટ્ટા અંગે દરોડો પાડયો હતો, અને જાહેરમાં મોબાઈલ ફોન પર વર્લ્ડ કપની ક્રિકેટ મેચ પર સટો રમી રહેલા ચાર શખ્સોને પકડી પાડ્યા છે અને તેઓ પાસેથી રૂપિયા એકાદ લાખની માલમતા કબજે કરી છે.

લાલપુર તાલુકાના ઝાખર ગામમાં રહેતા દિવ્યરાજસિંહ હેમતસિંહ વાઘેલા ઉપરાંત શક્તિસિંહ નવલસિંહ વાઘેલા, પ્રવીણસિંહ જાલમસંગ જાડેજા તેમજ અજયસિંહ ગુલાબસિંહ જાડેજા તેઓ પોતાના મોબાઈલ ફોનની ક્રિકેટની આઈડી પર ભારતમાં રમાઈ રહેલા ક્રિકેટ મેચનો સટ્ટો રમીરહ્યા છે.

જેથી ઉપરોક્ત ચારેય શખ્સને ઝડપી લીધા હતા, અને તેઓ પાસેથી ચાર નંગ મોબાઈલ ફોન, રોકડ રકમ, બે મોટરસાયકલ સહિત ૯૪,૩૦૦ માલમતા કબજે કરી છે. તપાસ દરમ્યાન જામનગરના મહાદેવની સંડોવણી ખુલી હતી.

## જાગે છે જમાદાર...

# જામનગર પાસે પ્રોહિબીશન કેસનો ભાગેડુ આરોપી ઝડપાયો

જામનગરમાં હવાઈચોક, ભાનુશાળીવાડ શેર નંબર-૧ માં રહેતા અજય ઉર્ફે લાલો ભરતભાઈ કનખરા સામે થોડા સમય પહેલાં પંચકોશી-બી ડિવિઝન પોલીસ મથકમાં દારૂ અંગેનો ગુનો નોંધવામાં આવ્યો હતો, અને તે ગુનામાં પોતે નાસતો ફરતો રહ્યો હતો. ઉપરોક્ત આરોપી જામનગરમાં આવ્યો છે, અને ભીડભંજન મહાદેવના મંદિર પાસે ઉભેલો છે, તેવી ચોક્કસ માહિતી જામનગરની પેરોલ ફર્લો સ્કવોર્ડના ભગીરથસિંહ સરવૈયા, ધર્મેન્દ્ર વૈષ્ણવ, કરણસિંહ જાડેજા, લખધીરસિંહ જાડેજા અને ગજેન્દ્રસિંહ જાડેજાને મળી હતી. જેથી ટીમે વોચમાં રહી તેને ઝડપી લીધો છે, અને પંચકોશી-બી. ડીવીઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.

# ખંભાળિયામાં પરપ્રાંતિય યુવતિએ કર્યા ઝેરના પારખાં

ખંભાળિયાના લાલુકા ગામે હાલ રહેતી અને મૂળ મધ્યપ્રદેશ રાજ્યના જાંબુવા જિલ્લાના કાળાદેવી તાલુકાની મૂળ રહીશ એવી પાયલબેન સુભાષભાઈ ચુડાવડીયા નામની ૧૯ વર્ષની અપરિણીત યુવતીએ રવિવારે બપોરના સમયે લાલુકા ગામે એક આસામીની વાડીએ કોઈ અકળ કારણોસર પોતાના હાથે મગફળીના પાકમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવની જાણ મૃતકના પિતા સુભાષભાઈ કાળુભાઈ ચુડાવડીયા (ઉ.વ. ૪૨, રહે. મધ્યપ્રદેશ) એ ખંભાળિયા પોલીસને કરી છે. જે અંગે પોલીસે નોંધ કરી, આગળની કાર્યવાહી કરી હતી.

# ભાણવડના ઝારેરા ખાતે હાર્ટ એટેકના કારણે આધેડનું મોત

ભાણવડ તાલુકાના ઝારેરા ગામે રહેતા સંજયકુમાર ગોગનભાઈ પિપરોતર નામના ૪૯ વર્ષનાને શનિવારે રાત્રિના સમયે હૃદયરોગનો જીવલેણ હુમલો આવી જતા તેમનું મૃત્યુ નિપજ્યું હોવાની જાણ ગોવિંદભાઈ ગોગનભાઈ પિપરોતરએ ભાણવડ પોલીસને કરી છે.

# કાલાવડમાં ફગાસ ગામમાં બાળકીને એરૂ આભડી ગયો

મૂળ મધ્ય પ્રદેશના અને કાલાવડ તાલુકાના ફગાશ ગામના ખેડૂત મહાવીરસિંહ જાડેજાની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા ડુંગરિયાસિંગ ગુલાબસિંગ માવી નામના ખેડૂતની ત્રણ વર્ષની માસુમ પુત્રી કલ્પના વાડીમાં રમી રહી હતી, તે દરમિયાન તેણીને ડાબા પગના અંગુઠા પાસે કોઈ ઝેરી જાનવર કરડી જતાં તેણી બેશુદ્ધ બની હતી, સારવાર માટે તેણીને કાલાવડ ની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, ત્યાં ફરજ ફરના તબીબે તેણી નું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકના પિતા ડુંગરિયાભાઈ માવીએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે બાળકીના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ પોલીસ દ્વારા ૪ નવેમ્બરે નશાખોરી નાબુદી મેરેથોન દોડ

## પોલીસ બેન્ડ કોસ્ટ ગાર્ડ, કલ્ચરલ નૃત્ય તથા ડીજે સહિતના વિવિધ કાર્યક્રમો પણ યોજાશે

નશા મૂકત જૂનાગઢ અને ડ્રગ્સ ઉપર જીતના સંકલ્પ સાથે યુવા પેઢીને નાર્કોટિક્સ થી દુર કરવાના ઉદ્દેશથી ૪ નવેમ્બરે પોલીસ વિભાગ દ્વારા રન ફોર જૂનાગઢનું આયોજન કરવામાં આવ્યું છે.કૃષિ યુનિવર્સિટી ખાતે ૫ કિલોમીટર ફન રન તથા ૧૦ કિલોમીટર કોમ્પિટિશન રન ના કાર્યક્રમમાં પોલીસ વિભાગથી લઈ વિદ્યાર્થીઓ અને વિવિધ સંસ્થાના આગેવાનો જોડાશે.

આઈ જી નિલેશ ઝાંઝડીયા, એસપી હર્ષદ મહેતાના માર્ગદર્શન નીચે યોજાનાર રન ફોર જુનાગઢ નો સાંજે ૬ કલાકે પ્રારંભ થશે. જેમાં પાંચ કિલોમીટરની ફન રનમાં ભાગ લેનારને ટીશર્ટ જયારે ૧૦ કિલોમીટર કોમ્પિટિશન રનમાં વિજેતા થનારને મેડલ ટીશર્ટ અને રોકડ રકમ આપી પુરસ્કૃત કરવામાં આવશે. રન કાર્યક્રમ ઉપરાંત કલ્ચરલ કાર્યક્રમ પણ યોજવામાં આવશે. રૂટ પર વિવિધ સ્થળોએ સ્ટેજ રાખવામાં આવશે જેમાં પોલીસ બેન્ડ કોસ્ટ ગાર્ડ, કલ્ચરલ નૃત્ય તથા ડીજે સહિતના વિવિધ કાર્યક્રમો પણ યોજાશે. સ્થળ પર વિવિધ પોઈન્ટમાં પાણીના પોઈન્ટ તથા રૂટ પર મેડિકલ ફેસીલીટી ફિઝિયોથેરાપીળ એમ્બ્યુલન્સ રાખવામાં આવશે.

# નવાગઢમાં રાજગોર બ્રાહ્મણ સમાજ દ્વારા સર્વરોગ નિદાન કૅમ્પ યોજાયો





રાજગોર બ્રાહ્મણ સમાજ નવાગઢ આયોજિત સર્વ રોગ નિદાન કેમ્પ પરમ પૂજ્ય શ્રી મુક્તાનંદ બાપુ સંચાલિત જય અંબે હોસ્પિટલ ના ડોક્ટરોની ટીમ દ્વારા સેવાઓ આપવામાં આવી જેમાં ૩૦૦ થી ઉપર દર્દીઓએ લાભ લીધો આ કાર્યક્રમમાં જેતપુર ગાદી સ્થાન સ્વામિનારાયણ મંદિરના પરમ પૂજ્ય નીલકંઠચરણદાસજી સ્વામી, જેતપુર જામકંડોરણા ના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, પૂર્વ પ્રમુખશ્રી નગરપાલિકા સુરેશભાઈ સખરેલીયા,દ્વારા દીપ પ્રાગટ્ય કરેલ હતું તેમજ રાહુલભાઈ વીકમા, કનુભાઈ લાલુ, અનિલભાઈ કાછડીયા, રાજગોર બ્રાહ્મણ કમીટી

અનુ પાના નં.૨ પર

# કાલાવડના ખીમાણી સણોસરા ગામે ખેડૂત પર હિચકારો હુમલો

કાલાવડ તાલુકાના જસાપર ગામના વતની અને ખીમાણી સણોસરા ગામમાં વાડી ધરાવતા પરેશભાઈ ખોડાભાઈ વસોયા (ઉ.વ.૫૨) એ પોતાના ઉપર હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે ચાપરા ગામના રાજુભાઈ પોપટભાઈ તેમજ મુન્નાભાઈ અને શક્તિસિંહ જયેન્દ્રસિંહ નામના સાગરીતો સામે ફરિયાદ નોંધાવી છે.

ફરીયાદીનું પીજીવીસી એલ તરફથી ટીસી ચાપરા ગામના ડેમ પાસે સરકારી ખરાબાનું મંજુર થયેલ હોય, અને કોન્ટ્રાકટરનો ટીસી ઉભુ

અનુ પાના નં.૨ પર

# શહેરમાં રખડતાં ઢોર અને દબાણ અંગે એકશન પ્લાન

## જિલ્લા કલેકટર, મ્યુનિ. કમિશનર અને જિલ્લા પોલીસ વડાએ સંયુકત બેઠક કરીઃ અડચણરૂપ ઢોર માલિકા સામે લેવાશે પગલાં!

જામનગર શહેરમાં રખડતા ઢોરની સમસ્યા ખુબ જ વધી છે, અવારનવાર અકસ્માતો થાય છે, ઠેર-ઠેર પશુઓ અડીંગો જમાવીને બેઠાં રહે છે તેની સામે કોઇ નકકર કાર્યવાહી થતી નથી, હવે મુખ્ય ત્રણેય અધિકારીઓએ સાથે મળીને એક એકશન પ્લાન ઘડયો છે જેમાં જામનગરના ત્રણ મહત્વના પ્રશ્નને વાચા આપવા નકકી કર્યુ છે.



તસવીરઃ જીતુ સોલંકી

તાજેતરમાં ગુજરાત હાઇકોર્ટ સમક્ષ એક રિપોર્ટ રજૂ કરાયો હતો જેમાં સરકારની પણ ઝાટકણી કાઢવામાં આવી હતી, તા.૨૯ના રોજ મળેલી આ મીટીંગમાં શહેરમાં રખડતા ઢોરને પકડી પાડવા માટે સઘન ઝુંબેશ હાથ ધરવા એકશન પ્લાન તૈયાર કરી જાહેરમાં પશુઓને છોડી મુકતા ઢોર માલિકો અને ઘાસચારો વેંચાણ કરતા વેપારીઓ ઉપર પોલીસ એફઆઇઆર કરવા તેમજ ઢોર નિયંત્રણ પોલીસી ૨૦૨૩ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ મીટીંગમાં ૧૩ પશુ માલીકો સામે જાહેરમાં છોડી મુકવા અંગે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે, સાથોસાથ આજથી ઢોર પકડવાનો એકશન પ્લાન અમલમાં મુકી દેવામાં આવશે. આ મીટીંગમાં ચાર ટીમ પાડવાનું નકકી કરવામાં આવ્યું છે, જુદા-જુદા

અનુ પાના નં.૨ પર

## દિલ બહેલાને કે લિયે ખયાલ અચ્છા હૈ ગાલિબ!

શહેરમાં રખડતા કુતરાઓનો ત્રાસ દિવસે દિવસે વધી રહયો છે, અગાઉ કુતરાઓના કારણે માનવીનો ભોગ લેવાઇ ચુકયો છે, દરમ્યાન વધુ એક યુવાન ભોગ બન્યો છે તેમજ દરરોજ કુતરા કરડવાના બનાવોનું પ્રમાણ પણ વધી રહયુ છે અનેક વખત આ અંગે તંત્રનું ઘ્યાન દોરવામાં આવ્યું છે પરંતુ અસરકારક કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવતી નથી, હાલમાં રખડતા ઢોર અને દબાણ મુદે તંત્ર દ્વારા એકશન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે જો કે આ પ્લાનમાં કુતરાઓ મુદે શું કામગીરી કરાશે તે ચોખવટ કરાઇ નથી. હવે આ ત્રાસ દૂર કરવા તંત્રએ કમર કસી હોવાનું મિટીંગો પરથી લાગે છે પણ ફરી-ફરીને એક જ વિચાર આવે છે કે.... 'દિલ બહેલાને કે લિયે ખયાલ અચ્છા હૈ ગાલિબ..!!'

# જામનગર શહેરમાં આવારા કૂતરાએ યુવાનનો જીવ લીધો!

## બાઈક પાછળ કૂતરૂં દોડતાં યુવકનું બેલેન્સ બગડ્યુંઃ કૂતરાઓની રંજાડથી લોકોમાં ભારે રોષ

જામનગરમાં રામેશ્વર નગર શેરી નંબર ૨ ના છેડે નવજીવન સોસાયટીમાં રહેતા જયદીપસિંહ રતનસિંહ રાઠોડ નામના ૪૨ વર્ષના યુવાન ગત તા ૨૭ના રોજ વાલકેશ્વરી નગરી રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન તેઓના બાઈકની પાછળ કુતરા દોડ્યા હતા. જેનાથી બચવા માટે તેઓએ પોતાનું બાઈક સ્પીડમાં ચલાવ્યું હતું.

દરમિયાન સ્પીડ બ્રેકર આવી જતાં બાઈક સ્લીપ થયું હતું, અને જયદીપસિંહ રાઠોડ ને માથાના ભાગે ગંભીર

અનુ પાના નં.૨ પર

# ભરાણા ગામના દંપત્તિનું અપહરણ કરનાર ચાર શખસોને ઉપાડી લેવાયા

## ઉઘરાણી બાબતે કારમાં પતિ-પત્નીને લઈ જવાયા હતાંઃ પોલીસે મુકત કરાવ્યા

ખંભાળિયા તાલુકાના ભરાણા ગામે રહેતા ફૈઝલ મામદ હુશેન સુંભણીયા તથા તેમના પત્ની આઈશાબેનનું શુક્રવારે સાંજના સમયે ભરાણા ગામેથી અપહરણ થયાની ધોરણસર ફરિયાદ તેઓના ભાણેજ ફિજાબેન મુસ્લિમભાઈ ભાયા (ઉ.વ. ૧૯) એ વાડીનાર મરીન પોલીસમાં નોંધાવી હતી. આ પ્રકરણમાં પોલીસે તાકીદની કાર્યવાહી કરી, વિવિધ દિશાઓમાં તપાસ આરંભતા ફૈઝલ સુંભણીયા કે જે આ પ્રકરણના મુખ્ય આરોપી બિલાલ મારાજની ફિશિંગ બોટમાં જખૌ ખાતે કામ કરતો હતો અને બિલાલને ફૈઝલ પાસેથી લ્હેણી નીકળતી રકમ સંદર્ભે આ બનાવ બન્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. જે સંદર્ભે વાડીનારના પી.એસ.આઈ. અનિરુદ્ધસિંહ જાડેજા તથા સ્ટાફએ સલાયા ખાતે દોડી જઈ અને અપહરણકાર સલાયાના બિલાલ ઉર્ફે મારાજ કાસમ વિસર તથા તેની સાથે ગયેલા સલાયાના અન્ય બે શખ્સો દાઉદ કાસમ ચમડીયા અને બિલાલ ઉર્ફે ભીખુ આદમની અટકાયત કરી, ફૈઝલ તથા તેમના પત્નીને મુક્ત કરાવ્યા હતા. પોલીસની વધુ તપાસમાં ફૈઝલની રેકી કરી અને તેમની બાતમી આપવા સબબ ભરાણા ગામના મામદ જુમા ચમડિયા નામનો શખ્સ પણ સંડોવાયેલો હોવાનું ખુલતા પોલીસે તેની પણ અટકાયત કરી, આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરમાં જુગારના દરોડામાં છ મહિલા સહિત ૧૧ ઝડપાયા

જામનગરના ગુલાબનગર-વિભાપર રોડ પર પાના ટીંચતી છ મહિલાઓની અટકાયત કરવામાં આવી હતી, જામનગરના બાઇની વાડી વિસ્તારમાં તિનપતીનો જુગાર રમતા પાંચ શખ્સો ઝપટમાં આવ્યા હતા અને એક ફરાર થઇ ગયો હતો આ ઉપરાંત રાજ ચેમ્બર વિસ્તારમાં એકી બેકીનો જુગાર રમતા ચાર પોલીસની પકકડમાં આવ્યા હતા.

જામનગર ગુલાનગરમાં તાડીયા હનુમાન પાસે રહેતી રૂકશાના જાવીદનામની વાઘેર મહિલા તેમજ જવાહરનગરની શિલ્પાબેન લાલજી ઢાપા, શોભનાબેન મનસુખ ચૌહાણ, યાદવનગરની લતાબેન ચંદ્રકાંત ગાંધી, ગુલાબનગરની વર્ષાબેન ધર્મેશ મકવાણા અને રમાબેન ધર્મેશ મકવાણા જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહી હતી. જેઓ પાસેથી ૧૧,૩૫૦ની રોકડ રકમ તેમજ જુગાર નું સાહિત્ય કબજે કર્યું છે.

જુગારના અન્ય દરોડામાં હર્ષદમીલની ચાલી રોડ, બાઇની વાડી, સંતોષી માતાના મંદિર નજીક કેટલાક શખ્સો લાઇટના અંજવાળે તિનપતીનો જુગાર રમે છે, આ હકીકત આધારે પોલીસે દરોડો પાડી તિનપતીનો જુગાર રમતા બાઇની વાડી છેડે રહેતા પ્રકાશ ઉર્ફે પવુ જેઠા પરમાર, સુભાષપાર્કના ભાવેશ હમીર પરમાર, ખોજાનાકા પાસે રહેતા નાજીમ કમાલુદીન ધમાણી, બાઇની વાડીના છેડે રહેતા કિશોર દિનેશ પરમાર, હસમુખ વિરજી હીંગળા નામના શખ્સોને રોકડા ૧૧૭૦૦ અને ગંજીપતા સાથે પકડી લીધા હતા. જયારે અંધાશ્રમ પાસે રાધાક્રિષ્ના મંદિર પાસે રહેતા લક્ષમણ ઉર્ફે લખુ પરમાર ફરાર થઇ ગયો હતો.

ખોડીયાર કોલોની રાજ ચેમ્બર પાછળ જુની પોસ્ટઓફીસવાળી ગલીમાં જાહેરમાં ચલણી નોટના નંબર પર એકી-બેકીનો જુગાર રમતા શંકરટેકરી ટાંકા પાસે રહેતા

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં રેપિડ એકશન ફોર્સ અને પોલીસનું સંયુકત ફૂટ પેટ્રોલિંગ


તસવીરઃ જીતુ સોલંકી



જામનગરના બેડી મરીન પોલીસ સ્ટેશન હેઠળ ના બેડી તેમજ આસપાસના વિસ્તારોમાં સ્થાનિક પોલીસ તેમજ રેપીડ એક્સન ફોર્સની સહાયતા ટુકડી દ્વારા કવાયતનું આયોજન કરવામાં આવ્યું હતું, અને સમગ્ર વિસ્તારમાં માર્ચ પાસ્ટ કરી હતી, તેમજ સ્થાનિક લોકો સાથે મુલાકાત પણ કરી હતી. તા. ૨૯ના રોજ રેપીડ એકશન ફોર્સ એ/૧૦૦ બટાલીયન ફેમીલી રાઇઝેશન કવાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કવાયતના અનુસંધાને બેડી મરીન પોલીસ સ્ટેશન દ્વારા સમગ્ર પોલીસ સ્ટેશન વિસ્તારની

અનુ પાના નં.૨ પર

# નિવૃત્ત પોલીસકર્મી અને તેમના બંધુ સાબમે ફોજદારી કાર્યવાહી કરવા હુકમ

## ત્રણ કરોડની જમીન ઓહાયા કરવા ખોટું સોગંદનામું કર્યુંઃ સગીરની મિલ્કત પચાવી પાડવાના કારસા અંગે અદાલત લાલઘૂમ

જામનગરમાં રહેતા નમ્રતાબેન સહદેવસિંહ વાઢેરના લગ્ન તા.૨૦/૧૨/૧૯૯૯ ના સહદેવસિંહ નાનભા વાઢેર સાથે થયા છે અને આ લગ્ન જીવન દરમ્યાન પુત્ર કુણાલનો જન્મ થયો છે.

માતા અને પુત્ર ત્રાસ આપતા તેણીએ ભરણપોષણ માટે તેમના પતિ વિરુધ્ધ કેસ કરેલ અને સંયુક્ત હિન્દુ કુટુંબની મિલ્કતો પૈકી લાખાબાવળ ગામે રે. સર્વે નં. ૨૧૭ પૈકી ૨ વાળી ખેતીની જમીન આવેલી છે. તેમાં માતા અને પુત્રનો હિસ્સો પચાવી પાડવા તેણીના જેઠ ભરતસિંહ નાનભા વાઢેર અને તેણીના પતિ સહદેવ નાનભા વાઢેર અરજદારો હયાત હોવા છતાં તેઓ કાયદેસરના વારસો હોવાની હક્તિ છુપાવી તલાટી કમ મંત્રી અને ત્રાહિત વ્યકિત સાથે મળી બનાવટી વારસાઈ આંબો તૈયાર કરી અને રેવેન્યુ ઓથોરિટિમાં ખોટી હકીકતો આધારે સોગંદનામું કરેલું અને રૂા. ત્રણ કરોડની ખેતીની જમીન પચાવી પાડવા કૌભાંડ આચેરલ હતું.

ફરિયાદી નમ્રતાબેન રેવન્યુ ઓથોરિટિ માંથી જરૂરી રેકર્ડ મેળવી જામનગર જીલ્લા પોલીસ વડાને ફરિયાદ કરે હતી પરંતુ આરોપી પોલીસ કર્મચારી હોવાથી ફરિયાદીની અરજી જુદા-જુદા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી અને આરોપીઓને છાવરવામાં આવતા હતા. આથી તેણીએ જામનગરના ચિફ જયુડી.મેજીની કોર્ટમાં તા. ૩૧/૧/૨૦૧૮ ના ભરતસિંહ નાનભા વાઢેર અને સહદેવસિંહ નાનભા વાઢેર, તલાટી કમ મંત્રી સહિત ચાર ઓપીઓ સામે ભારતીય ફોજદારી ધારાની ક્લેમ ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૧૪ અને ૧૨૦(બી) વિગેરે મુજબની ફરિયાદ કરેલી જે ફરિયાદમાં રજુ કરવામાં આવેલ રેકર્ડ આધારે અદાલતે દિવાની તકરાર ગણી ગુનો દાખલ કરેલ નહીં.આથી ફરિયાદીએ નામદાર સેશન્સ અદાલતમાં રિવિઝન દાખલ કરી રજુઆત કરી હતી કે ફરિયાદી અને સહદેવસિંહ નાનભા વાઢેર સાથે પ્રેમ લગ્ન કરેલ અને લગ્ન જીવન દરમ્યાન પુત્ર કુણાલનો જન્મ થયો છે.

અનુ પાના નં.૨ પર

# વાડીનાર વિસ્તારમાંથી એક પુરૂષ સહિત સાતની જુગાર અંગે અટકાયત

ખંભાળિયા તાલુકાના વાડીનાર વિસ્તારમાં સ્થાનિક પોલીસે ગત સાંજે જુગાર દરોડો પાડીને જાહેરમાં ગંજીપત્તા વડે તીનપત્તી નામનો જુગાર રમી રહેલા ભાવનાબા અજીતસંગ જાડેજા, પ્રવીણબા નરેન્દ્રસિંહ જાડેજા, ઉમાબેન નિલેશભાઈ જોષી, સુમનબેન પંકજભાઈ જોશી, મંજુબેન કમલેશભાઈ પરમાર, મિનાબા કિરીટસિંહ જેઠવા અને પાર્થ રાજેશભાઈ ખેતિયા નામના સાત પત્તાપ્રેમીઓને ઝડપી લીધા હતા. જેમાં પોલીસે રૂ. ૪,૬૩૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ આગળની કાર્યવાહી કરી હતી. દ્વારકાના મચ્છી પીઠ પાસે ચલણી

અનુ પાના નં.૨ પર

# જામનગરમાંથી દારૂના જથ્થા સાથે ચાર શખસો ઝપટે ચડ્યાં

જામનગરના હિરજી મીસ્ત્રી રોડ ખાતે આવેલા ફલેટમાં એલસીબીએ દરોડો પાડીને ઈંગ્લીશ દારુની ૧૩૭ બોટલ સાથે એક શખ્સને પકડી લીધો હતો અને એકનું નામ ખુલ્યુ હતું, જયારે હર્ષદમીલની ચાલી પાસેથી દારુની બોટલો લઇને નીકળેલા શખ્સને પકડી લીધો હતો, જયારે વિનાયકપાર્કમાંથી એક શખ્સ દારુ તથા એકટીવા સાથે મળી આવ્યો હતો અને જકાતનાકા રોડ પરથી કન્સ્ટ્રકશનનો ધંધાર્થી અડધી બોટલ સાથે પીધેલી હાલતમાં પકડાયો હતો.

દરમ્યાન એલસીબીના અરજણભાઇ કોડીયાતર, મયુદીન સૈયદ તથા ધાનાભાઇ મોરીને સંયુકત રીતે ખાનગી બાતમીદારથી હકીકત આધારે આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતુ અરવિંદ દામા (ઉ.વ.૩૪) રહે. હીરજી મીસ્ત્રી રોડ, પ્રણામી સ્કુલ સામે, વૃજભુમી એપાર્ટમેન્ટ ફલેટ ૨૦૪, જામનગરવાળાના ફલેટમાંથી ઈંગ્લીશ દારૂની બોટલ નંગ ૧૩૭ કિ. ૫૪૮૦૦ તથા એક મોબાઇલ ફોન કિ. ૫૦૦૦ મળી કુલ કિ. ૫૯૮૦૦ના મુદામાલ સાથે મળી આવતા પકડી પાડી આરોપી વિરુધ્ધ પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ફરીયાદ રીપોર્ટ આપતા પો.હેડ કોન્સ. વનરાજભાઇ મકવાણાએ કાયદેસરની કાર્યવાહી કરી હતી. જયારે જથ્થો આપનાર જામનગરના સાગર ઉર્ફે સેગુ હંસરાજ કચ્છી ભાનુશાળીનું નામ ખુલ્યુ હતું.

જયારે નદીપા રોડ રહેતા દેવેન્દ્ર મનસુખ જોગડીયાને વિદેશી દારુની ૫ બોટલ, એકટીવા નં. જીજે૧૦સીબી-૭૯૫૩ લઇને નીકળતા વિનાયકપાર્કમાંથી સીટી-બી પોલીસે પકડી લીધો હતો.

જામનગર પ્રણામી ટાઉનશીપ-૩, ધનઅપુર્વા સોસાયટી બ્લોક નં. ૧૫/૨૨માં રહેતા રોહીત ઉર્ફે જીંજોલા દિનેશ ત્રિવેદીને વિદેશી દારુની ૩ બોટલ સાથે સીટી-એ પોલીસે હર્ષદમીલ ચાલીના ઢાળીયા પાસેથી પકડી લીધો હતો. તેમજ જામનગરના હરીઓમ એવન્યુ ફલેટ નં. ૨૦૧માં રહેતા કન્સ્ટ્રકશનના ધંધાર્થી અને મુળ પશ્ચિમબંગાળી હુંગલીના રાજશ્રી એપાર્ટમેન્ટ ખાતેના વતની અમિતકુમાર કિશોરી મોહનદાસને ઈંગ્લીશ દારૂ ૩૫૦ એમએલ ભરેલ બોટલ સાથે કેફી પીણું પીધેલી હાલતમાં જકાતનાકા રોડ પાસેથી દબોચી લીધો હતો.

# જામજોધપુર યાર્ડમાં પુનઃ લહેરાયો કેસરિયો



જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં ફરી ભાજપનો કેસરીયો લહેરાયો છે, ૧૬ બેઠકોમાંથી ૧૧ બેઠકો પર ભાજપ પ્રેરિત જૂથ કબ્જો કરવામાં સફળ રહી છે, જ્યારે ખેડૂત વિભાગમાંથી ધારાસભ્ય હેમત ખવા સૌથી વધુ મત લેવામાં સફળ થયા છે.

પૂર્વ મંત્રી ચીમનભાઇ શાપરીયાની સફળ વ્યૂહરચનાને લઇને ભાજપ જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં વિજય થવામાં સફળતા પ્રાપ્ત કરી છે, યાર્ડની કુલ ૧૬ બેઠકોમાંથી ૧૧ બેઠકો ભાજપ પ્રેરિત જૂથ વિજય થયું છે, જ્યારે ખેડૂત વિભાગમાં બન્ને જૂથના પાંચ-પાંચ ઉમેદવારો વિજય થયા છે, આ પૂર્વે તેલીબીયામાંથી પૂર્વ ધારાસભ્ય બ્રિજરાજસિંહ જાડેજા તથા કિશોરસિંહ જાડેજા બિનહરીફ ચૂંટાયા હતા, વેપારી વિભાગમાંથી ચારમાંથી ચાર, ખેડૂત વિભાગમાંથી ૧૦ માંથી પાંચ અને તેલીબીયા વિભાગની બે બેઠકો સહિત કુલ ૧૧ બેઠકો ઉપર ભાજપ પ્રેરિત જુથનો વિજય થયો છે.

અગાઉ તેલીબીયા વિભાગમાં યાર્ડના પૂર્વ ચેરમેન બ્રિજરાજસિંહ જાડેજા અને કિશોરસિંહ જાડેજા બિનહરીફ જાહેર થયા હતા, આ પછી શનિવારે મત ગણતરી બાદ વેપારી વિભાગમાં પૂર્વ મંત્રી

અનુ પાના નં.૨ પર

## ૧૬માંથી ૧૧ બેઠકો પર ભાજપ પ્રેરિત જૂથે મેળવ્યો કબજો

# ઓખા જીએમબી પેસેન્જર જેટીએ શુલભ શૌચાલયમાં જતાં પહેલા સો વાર વિચારજો

બુધાભા ભાટી દ્વારા
(ઓખા)




ગુજરાત સરકારનાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને પયેટન વિભાગ કરોડો રુ.અનેક યોજનાઓ પાછળ યાત્રિકોને સવલતો અને સુવિધાઓ માટે ખર્ચ કરે છે, પરન્તુ જયાં સુધી છેવાડાનાં વિસ્તાર નું સરકારી તંત્ર અને બાબુઓ નહીં સુધરે ત્યાં સુધી આ ખર્ચાઓ પાણીમાં ગરક જ થશે! આવો જ એક કિસ્સો દેવભૂમિ દ્વારકાનાં ઓખા ખાતે આવેલ ગુજરાત મેરી ટાઈમ બોર્ડ સંચાલિત પેસેન્જર જેટી પ્રકાશમાં આવ્યો.

ઓખા થી બેટ-દ્વારકા જવા માટે બંને બાજુએ જીએમબી સંચાલિત ફેરી સર્વિસ બોટની જેટ્ટીઓ આવેલી છે. વર્ષોથી આ બંને જેટી અને ફરી સર્વિસ બોટનું સંચાલન ઓખા જીએમબી કરે છે. છેલ્લા કેટલાય સમય થી અહીથી મુસાફરો-યાત્રિકોની અનેક પ્રકારની સમસ્યાઓ મુસીબતોની ફરિયાદો આવે છે. આપ જ્યારે પણ બેટ જવા જેટી નાં પ્રવેશદ્વારમાં પ્રવેશ કરો ત્યારે શરૂઆત માં જ કચરો ગંદકી આપનું સ્વાગત કરશે. આગળ જતાં બંને બાજુ ફેરિયાની દુકાનોનું દબાણ આવશે.

ચાલવા માટે રસ્તો છે તેટલી જ જગ્યા આ ફેરિયાઓ એ રોકેલી છે. તેના થી આગળ જતાં સરકારી, દશા અને



લાગવગિયાઓનાં સ્કૂટર અને મોટર પાર્ક કરેલ જોવા મળશે. જે જગ્યા પર દુકાનો લગાવી ને ફેરિયાઓ એ પાથરણા કર્યા છે તેની પાછળ ખૂબ ગંદકી કચરો પડેલો જોવા મળશે. અને જો ભૂલ ચૂકે આપ સુલભ સૌચલાયનાં ઉપયોગ કરવાનું વિચાર્યું તો આપ કદાજ મોટી મુસીબત માં ફસાઈ સકો! કારણ કે ત્યાં અત્યંત દુર્ગંધ,

અનુ પાના નં.૨ પર

## ઓખા પેસેન્જર જેટી યાત્રિકો-મુસાફરો માટે અનેક સમસ્યાઓ અને હાડમારીઓનું કેન્દ્રઃ છત પર લટકે છે જોખમઃ શૌચાલયમાં જંળુબતા મોતથી દૂર રહેવું હિતાવહઃ આ ઉપરાંત અહીં ગંદકી, કચરો અને દુર્ગંધનું સામ્રાજ્ય

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com